| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૦૭/૦૬/૨૦૨૩ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- સમાચાર યાદી નં.૯૧૪/૨૦૨૩**

(૧)

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૩/૨૦૧૪ ઇપીકો કલમ ૨૦૧, ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૩(એ), ૪ સ્પેશ્યલ પોક્સો કેસ નં.૧૬/૨૦૧૪ મુજબના ગુનાના કામે આરોપી દિપક ઉર્ફે સોનું ચંદ્રમોહન ખર્રા(રાજપુત) (રહે.ઘનશ્યામ છારાના મકાનમાં, જોગણીમાતાના મંદિર સામે છાપરામાં, કુંડાવાળાની બાજુમાં, કોતરપુર સરદારનગર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી પી.એમ.સાયાણી સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૧૨, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૨)

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૯/૨૦૧૯ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૩(એ), ૪, ૧૮ તથા એક્ટ્રોસીટી એક્ટ કલમ ૩(૨)(૫) સ્પેશ્યલ પોક્સો કેસ નં.૨૫૫/૨૦૧૯ મુજબના ગુનાના કામે આરોપી અપીસરઆલમ ઉર્ફે સલમાન સ/ઓ નજીમુદ્દીન સત્તનઅલી શેખ (ઉ.વ.૨૫)(રહે.અખંડાનંદ હોસ્પીટલ પાસે, ફુટપાથ ઉપર, ભદ્ર લાલ દરવાજા)(મુળ ગામઃ સરતી કમાતી, થાનાઃ તેરાંગાછ, જીલ્લોઃ કિશનગંજ બિહાર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી પી.એમ.સાયાણી સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૧૨, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૩)

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૪૩/૨૦૧૯ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), તથા પોક્સો એક્ટ કલમ ૩(એ), ૪, ૧૮ સ્પેશ્યલ પોક્સો કેસ નં.૦૨/૨૦૨૦ મુજબના ગુનાના કામે આરોપી વિજય ઉર્ફે છોટુ ગેંદાલાલ રામસ્વરૂપ ગોહેલ (રહે.અંકુરભાઇ જલાભાઇ રબારીના મકાનમાં, રબારી વસાહત, હસ્તિનાપુર સોસાયટી પાછળ, ભવાનીનગર ટેકરો ઓઢવ)(મુળ ગામઃ કુમેહારા, થાનાઃ પાંછગાંવ, જીલ્લોઃ ઇટાવા ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી પી.એમ.સાયાણી સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૧૨, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૮૬૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૬૦ બિયર ટીન, ૧ કન્ટેનર, ૧ ટ્રક અને ૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૯૧૭/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** વિશાલભાઇ ત્રિલોકીનાથ ટંડન (ઉ.વ.૫૨)(રહે, જોડીએક એસ્ટર, કીરણ મોટર્સની પાછળ, બોડકદેવ) એ તા.૦૬/૦૬/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વિશાલભાઇ હુંડાઇ કંપનીનો કાર સર્વિસનો વ્યવસાય કરતા હોઇ આરોપી હાર્દીક પ્રદ્યુમન વોરા (રહે.મેઘદુત સોસાયટી ઇન્ડસ્ટ્રીયલ જ્વેલ સર્કલ, ભાવનગર) નાઓ છેલ્લા ૧૫ વર્ષથી વિશાલભાઇની કંપનીના કસ્ટમર હોઇ, વિશાલભાઇને હુંડાઇ કંપનીની કાર સેલ્સની ડીલરશીપ અપાવવાનો વિશ્વાસ આપી, ડીલરશીપ અપાવવાના ખર્ચ પેટે વિશાલભાઇ પાસેથી કુલ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, ડીલરશીપ નહી અપાવી તેમજ રૂપિયા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૧૮/૨૦૨૩

**રામોલઃ** ગોપીબહેન વા/ઓ અશ્વિનભાઇ ભરવાડ (ઉ.વ.૩૯)(રહે.ગોપાલક બંગ્લોઝ સિંધવાઇ માતાના મંદીર પાછળ સી.ટી.એમ) એ તા.૦૬/૦૬/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૦/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટના ડ્રોઅરમાંથી સોનાનો બુટ્ટી સાથેનો સેટ અને સોનાની મોહનમાળા મળી કુલ કિંમત રૂપિયા ૪,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૧૯/૨૦૨૩**

**એરપોર્ટ**ઃ દ્રષ્ટિબહેન નરેન્દ્રભાઇ લાલવાણી (ઉ.વ.૩૫)( રહે.આંબાવાડી ચાર રસ્તા નિરંકારી પાન પાર્લર પાસે સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન આંબાવાડી સર્કલ થી સરદારનગર સર્કલ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં સાથે બેસેલ બે અજાણી સ્ત્રીઓએ દ્રષ્ટિબહેનને અર્ધ બેહોશ કરી તેમના હાથમાંથી સોનાની બંગડીઓ નંગ-૨ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- નજર ચુકવી હાથમાંથી કાઢી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૨૦/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટ**ઃ લક્ષ્મીબહેન સુરેશભાઈ પરમાર (ઉ.વ.૪૦)(રહે.ગલી નંબર-૨૨ રામ-રહિમનો ટેકરો બરફના કારખાના પાસે, બહેરામપુરા) એ માનસિક બીમારીથી કંટાળી તા.૦૬/૦૬/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા નદીના પુર્વ કિનારે રામ-રહિમના ટેકરા પાછળ સીડી નંબર-૩૫ પાસે બહેરામપુરા ઈલેક્ટ્રિક પોલ નંબર-JAEL-2425 વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**શાહીબાગ**ઃ રજનીકાંત સવજીભાઇ ટંડન (ઉ.વ.૫૧)(રહે.ન્યુ લક્ષ્મીનગર સોસાયટી ઘોડા કેમ્પ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**બાપુનગર**ઃ ભક્તિ ડો/ઓ સંજયસિંહ ચાવડા (ઉ.વ.૧૪)(રહે,માધવ ટેનામેન્ટ હર્ષદ કોલોની પાસે હિરાવાડી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

**અમરાઇવાડી**ઃ શીવાની ડો/ઓ બંસલાલ પટેલ (ઉ.વ.૨૩)(રહે.હરભોલેશ્વર નગર વસ્ત્રાલ-સિંગરવા રોડ, વસ્ત્રાલ ગામ, રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા અમરાઇવાડી બહુચરનગર આર.કે. ઝેરોક્ષ નામની ઓફીસમા પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

**રામોલઃ** ધ્રુવકુમાર રમેશભાઇ પ્રજાપતી (ઉ.વ.૨૧)(રહે,ધરા કોલોની મહાદેવનગર વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૩ સવારના ૪/૫૦ વાગ્યા પહેલા પોતાના મકાનના રસોડામાં છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી